કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી ડાંગ–આહવા
ફોન નં. ૦૨૬૩ ૧–૨૨૦૨૨૧ ફેક્સ નં ૦૨૬૩૧–૨૨૦૨૯૪
Email:- collector-dan@gujarat.gov.in

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૧૬૩ હેઠળનું જાહેરનામું::

પોલીસ અધિક્ષકશ્રી ડાંગ–આહવાના જા.નં.જાહેરનામુ/મકાન ભાડુઆત/૧૨૩૦/૨૦૨૬, તા. ૨૩/૧૦/૨૦૨૬ ના પત્રની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોનાં બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. ડાંગ જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો–વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ડાંગ જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીનાં પગલા રૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. હાલના સંજોગોમાં ત્રાસવાદીઓ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વિસ્તારોમાં મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે (રેકી) કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો દ્વારા ભાડે આપતા મકાનો દ્વારા રાજય અને દેશની સલામતી જાળવવાના કાર્યોમાં તેઓનો સહકાર મેળવવા માટે મકાન માલીકો દ્વારા ભાડે અપાતા મકાનોની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં અચૂક કરાવે તે આપત્તિ સમયની અનિવાર્ય જરૂરત બનેલ છે. તેમજ મકાન માલીકોએ કરેલી જાણ અંગે સ્થાનીક પોલીસ દ્વારા નિયત કોલમમાં ભાડુઆત અંગે અને મકાન માલીક અને મકાન અંગેની સંપુર્ણ અને સચોટ વિગતો નિભાવવામાં આવે અને આ બાબતને કાનુની બળ મળી રહે તે માટે રજીસ્ટરો નિભાવવામાં આવે જે અન્વયેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

હું, એચ.એમ.જણકાટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ–આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરું છું,

"સમગ્ર ડાંગ જિલ્લામાં કોઈ રહેણાંકના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક–અમાં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે. તથા જયારે કોઈ મકાન માલિક/એજન્ટ/બ્રોકર કોઈ મકાનની લે–વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજિસ્ટર નિભાવશે. જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટા સહીત રાખી નીચેના પત્રક–અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે."

પત્રક–અ મકાન ભાડે આપતાં પહેલાં સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/મોબાઇલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં કયા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મીમાં છે તેની વિગત	મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યકિતનું નામ, સરનામું ટેલીફોન/મોબાઇલ નંબર	મકાન કઇ તારીખથી ભાડે આપેલ છે. તથા માસીક ભાડું કેટલું છે?	જે વ્યકિતને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, હાલનું સરનામું ટેલીફોન/મો.	જેવ્યકિતને મકાન ભાડે આપેલ છે તેમના મૂળ વતનનું પાકું સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામાં	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામું મોબાઇલ નંબર	રિમાર્કસ (આધાર કાર્ડ)
૧	૨	૩	૪	૫	૬	૭	૮

::અમલવારીનો સમય::

આ હુકમ તા. ૩૦/૧૦/૨૦૨૬ ના ક.૦૦/૦૦ થી તા. ૧૮/૧૨/૨૦૨૬ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

::શિક્ષા ::

File No: DNG/MIS/e-file/444/2026/0262/MAG
Approved By: Resident Additional Collector,Admin,DNG
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરવાની રહેશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

ઈ–સાઈન

(એચ.એમ.જણકાટ)

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ

ડાંગ–આહવા.

મેનેજરશ્રી,

છાપકામ અને લેખન સામગ્રી ખાતું, વડોદરા

૨/– ઉકત જાહેરનામું આવતા રાજયપત્રકમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે તાકીદે મોકલવા વિનંતી છે.

નકલ સવિનય રવાના::

(૧) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, બ્લોક નં.૨, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી,(કાયદો અને વ્યવસ્થા) ગુજરાત રાજ્ય ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજશ્રી, નવસારી

(૪) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સુરત રેન્જ, જિ. સુરત

(૫) માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ આહવા

(૬) સેકન્ડ એડિશનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજશ્રી, આહવા જી.ડાંગ.

(૭) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ–આહવા.

૨/– ૧૦ વધારાની નકલ સહિત નોટીશ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ

(૮) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, આહવા,જિ. ડાંગ

(૯) નાયબ વન સંરક્ષકશ્રી ઉત્તર/દક્ષિણ ડાંગ વન વિભાગ, ડાંગ આહવા

(૧૦) જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, આહવા/વઘઈ/સુબીર, જિ. ડાંગ.

નકલ રવાના:–

(૧) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ–આહવા

(૨) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવા

(૩) ચીફ ઓફિસર અને નાયબ કલેક્ટરશ્રી, નોટિફાઈડ એરિયા કચેરી, સાપુતારા, જિ. ડાંગ

(૪) મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, આહવા /વઘઇ/સુબીર જી. ડાંગ.

(૫) પોલીસ ઈન્સ્પેકટરશ્રી,આહવા/સાપુતારા જિ. ડાંગ તરફ જાણ તથા જરૂરી અમલવારી સારૂ

(૬) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, વઘઇ/સુબીર જી.ડાંગ તરફ જાણ તથા જરૂરી અમલવારી સારૂ

(૭) સહાયક માહિતી નિયામકશ્રી, આહવા ડાંગ તરફ:.....

૨/– ઉકત જાહેરનામું આઈટમ ઓફ ન્યૂઝ તરીકે વર્તમાનપત્રમાં વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવા સારુ.

(૮) ડી.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી, તરફ અત્રેની વેબ સાઈટ પર પ્રસિદ્ધિ કરી પ્રસિદ્ધિ અંગેનો અહેવાલ રજુ કરવા સારૂ

(૯) શાખા અધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કલેક્ટર કચેરી, ડાંગ–આહવા

૨/– કચેરીના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા સારુ.

(૧૦) સિલેક્ટ ફાઈલે

File No: DNG/MIS/e-file/444/2026/0262/MAG
Approved By: Resident Additional Collector,Admin,DNG
Open the document in Adobe Acrobat DC to verify the E-sign